પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૩૮ | ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૦, ગુરૂવાર; મહા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખેડૂતો માટે પાક વિમો મરજિયાત

**હવે ખેડૂતો પોતાની મરજી પ્રમાણે પાક વીમો લઈ શકશે : મોદી કેબિનેટનો નિર્ણય : નોર્થ ઈસ્ટના ખેડૂતો માટે પાક વીમાનું ૯૦ ટકા પ્રીમિયમ સરકાર ભરશે : વ્યાજ સહાયતા યોજનામાં લાભને ૨ ટકાથી વધારીને ૨.૫ ટકા કરવાના પ્રસ્તાવને મંજૂરી : ડેરી ક્ષેત્રને પ્રોત્સાહિત કરવા માટે ૪૫૫૮ કરોડની યોજનાને મંજૂરી**




ન્યુ દિલ્હી,તા.૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં થયેલી કેબિનેટ બેઠકમાં ખેડૂતોને મોટી ભેટ આપી છે. સરકારે પ્રધાનમંત્રી પાક વીમા યોજનાને હવે સ્વૈચ્છિક બનાવી દીધી છે. હવે કૃષિ ધિરાણ પર પાક વીમો લેવો ફરજિયાત નહીં. આ સિવાય નોર્થ ઈસ્ટના ખેડૂતો માટે પાક વીમાનું ૯૦ ટકા પ્રીમિયમ સરકાર આપશે. કેબિનેટે વ્યાજ સહાયતા યોજનામાં લાભને ૨ ટકાથી વધારીને ૨.૫ ટકા કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી દીધી છે. સરકારના આ નિર્ણયથી ૯૫ લાખ ડેરી ખેડૂતોને ફાયદો થશે. કેબિનેટની બેઠક પુરી થયા પછી કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે અને કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે પ્રેસ કોન્ફરન્સમાં આ જાણકારી આપી હતી. પ્રેસ કોન્ફરન્સમાં કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું હતું કે પ્રધાનમંત્રી દ્વારા શરુ કરવામાં આવેલી પાક વીમા યોજનાનો

● અનુસંધાન પાન-૭ પર

# અમિત શાહ-કેજરીવાલ વચ્ચે દિલ્હીના વિકાસના મુદ્દે ચર્ચા

**શાહીનબાગના પ્રશ્ને કોઈપણ પ્રકારની ચર્ચા અમિત શાહની સાથે થઈ હોવાનો કેજરીવાલનો ઈનકાર : દિલ્હીના વિકાસ માટે સાથે મળીને કામ કરવા સહમતિ**

નવી દિલ્હી, ૧૯

દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં પ્રચંડ જીત મેળવી લીધા બાદ મુખ્યમંત્રી તરીકે સત્તારૂઢ થયા પછી આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. અમિત શાહને તેમના આવાસ ઉપર કેજરીવાલ મળ્યા હતા. દિલ્હી વિધાનસભા ચુંટણી બાદ તેમની આ પ્રથમ મુલાકાત હતી જે આશરે ૨૦ મિનિટ સુધી ચાલી હતી. મિટીંગ બાદ કેજરીવાલે ટ્વીટ કરીને કહ્યું હતું કે આ મુલાકાતમાં દિલ્હીના તમામ મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ હતી. અરવિંદ કેજરીવાલે એમ પણ કહ્યું હતું કે તેઓ અમિત શાહને મળ્યા છે. આ વાતચીત ખૂબ ફળદાયી રહી છે. દિલ્હી સાથે જોડાયેલા મુદ્દાઓઉપર ચર્ચા થઈ છે.

દિલ્હીના વિકાસ માટે સાથે મળીને કામ કરવાની તૈયારી પણ દર્શાવવામાં આવી છે. શાહીનબાગના મુદ્દા પર કોઈ વાતચીત થઈ હતી કે કેમ તે અંગે પૂછવામાં આવતા



કેજરીવાલે કહ્યું હતું કે આ વિષય ઉપર કોઈપણ વાતચીત થઈ નથી. દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો મળેલો નથી. જેથી કાનૂન અને વ્યવસ્થા સહિત અનેક મહત્વના મુદ્દા પર જવાબદારી કેન્દ્ર સરકારની રહે છે. કેજરીવાલ સરકારની પ્રથમ અવધિ દરમ્યાન કેન્દ્ર સરકાર અને રાજ્ય

● અનુસંધાન પાન-૭ પર

# પુલવામામાં વધુ ત્રણ ત્રાસવાદી ઠાર

**સુરક્ષા દળોને મોટી સફળતા હાથ લાગી : ઠાર થયેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરાયો : હિંસા ભડકાવવા માટે કૃત્યો જારી**

પુલવામા,તા. ૧૯

જમ્મુ કાશ્મીરના પુલવામામાં સુરક્ષા દળોને આજે વધુ એક મોટી સફળતા હાથ લાગી હતી. પુલવામા ખાતેના ત્રાલ વિસ્તારમાં સુરક્ષા દળોએ ચોક્કસ બાતમીના આધાર પર હાથ ધરેલા ઓપરેશનમાં ત્રણ કુખ્યાત ત્રાસવાદીઓ ઠાર થયા હતા. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક અને હથિયારો કબજે કરવામાં આવ્યા હતા. જમ્મુ કાશ્મીરામાં હજુ હિંસા ભડકાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ સતત જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળો જોરદાર ઓપરેશન ચલાવી રહ્યા છે. જેમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ ઠાર થઈ ચુક્યા છે. આ ઓપરેશન હજુ જારી છે. પોલીસના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે મોતને

● અનુસંધાન પાન-૭ પર



પ્રતિકાત્મક તસવીર

# કસ્ટડીની લડાઈમાં હંમેશા નુકસાન બાળકને જ જાય છે : સુપ્રીમ કોર્ટ

**સુપ્રિમ કોર્ટની મહત્ત્વપૂર્ણ ટિપ્પણી : છૂટાછેડાથી માતા-પિતાની જવાબદારી પૂરી થતી નથી, કેસમાં માતા જીતે કે પછી પિતા, પરંતુ બાળક હંમેશા હારે છે**




ન્યુ દિલ્હી,તા.૧૯

સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વની ટીપ્પણી કરતાં કહ્યું છે કે કબજાની લડાઈમાં હંમેશા નુકસાન બાળકનું જ થાય છે. બાળકે તેની મોટી કિંમત ચૂકવવી પડે છે કેમ કે આ દરમિયાન તે પોતાના માતા-પિતાના પ્રેમ અને સ્નેહથી વંચિત રહી જાય છે. જોવા જેવી વાત એ છે કે આ લડાઈમાં બાળકની કોઈ ભૂલ પણ નથી હોતી. અદાલતે કહ્યું કે લવિચ્છેદથી માતા-પિતાની બાળક પ્રત્યેની જવાબદારી ખતમ થઈ જતી નથી.

જસ્ટિસ એ. એમ. ખાનવીલકર અને અજય રસ્તોગીની પીઠે કહ્યું કે કસ્ટડીના મામલા પર ચુકાદો આપતી વખતે અદાલતોએ બાળકના હિતને ધ્યાનમાં રાખવું જોઈએ કેમ કે કસ્ટડીની લડાઈમાં તે પીડિત છે.

જો મધ્યસ્થતાની પ્રક્રિયાના માધ્યમથી વૈવાહિક વિવાદનો ઉકેલ ન આવે તો અદાલતોએ પોતે જ આ મામલાનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરવો જોઈએ. પીઠે લાંબા સમયથી વૈવાહિક વિવાદનો સામનો કરી રહેલા દંપતિના મામલે સુનાવણી કરતાં આ ટીપ્પણીઓ કરી હતી. કસ્ટડીના મામલામાં કોણ જીતે છે તેનાથી કોઈ મતલબ નથી પરંતુ નુકસાન બાળકને જાય છે તે નિતિ છે.

અદાલતે કહ્યું કે આ વિવાદની સૌથી મોટી કિંમત બાળકે ચૂકવવી પડે છે કેમ કે યારે અદાલત પોતાની ન્યાયિક પ્રક્રિયા દરમિયાન તેને કહે છે કે તે માતા-પિતામાંથી કોની સાથે જવા માગે છે ત્યારે બાળક તૂટી જાય છે. પીઠે પતિ-પત્ની વચ્ચે ચાલી રહેલા વૈવાહિક વિવાદ પર ટીપ્પણી કરતાં કહ્યું કે આ પ્રકારના વિવાદથી માતા-પિતાની તેના બાળક પ્રત્યેની જવાબદારી ખતમ થઈ જતી નથી.

# મોદી પ્રત્યે 'દિલ' પણ ભારત સાથે 'નો ડિલ': ટ્રમ્પ

**અમેરિકી રાષ્ટ્રપતિએ ભારત મુલાકાત પહેલાં ચિત્ર સ્પષ્ટ કર્યું : વડાપ્રધાન મોદી મારા સારા મિત્ર પરંતુ વેપારમાં ભારતનું અમારી સાથે વર્તન સારું નથી : ટ્રમ્પના મન કી વાત**

વૉશિંગ્ટન,તા.૧૯

૨૪-૨૫ ફેબ્રુઆરીએ ભારતની પ્રથમ મુલાકાત પૂર્વે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સરકારને આંચકો આપ્યો છે. એમણે કહ્યું છે કે તેઓ ભારત સાથે કોઈ મોટો દ્વિપક્ષી વ્યાપાર કરાર હમણાં નહીં કરે, પણ એને બચાવી રાખશે. આ વર્ષના નવેંબરમાં નિર્ધારિત યુએસ પ્રમુખપદની ચૂંટણી પહેલાં એ કરાર કરવામાં આવે એવું પોતાને લાગતું નથી.

ટ્રમ્પના આ નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે એમની આગામી મુલાકાત વખતે ભારત-અમેરિકા વચ્ચે કોઈ મોટો દ્વિપક્ષી કરાર કરવામાં નહીં આવે. ગઈ કાલે બપોરે મેરીલેન્ડસ્થિત જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે કહ્યું કે અમે ભારત સાથે મોટો વ્યાપાર કરાર ચોક્કસ



કરીશું, પરંતુ એને હું પછીના સમય માટે સાચવી રાખવાનો છું.

ટ્રમ્પની મુલાકાત વખતે અમેરિકા અને ભારત કોઈ 'ટ્રેડ પેકેજ' પર સહીસિક્કા કરે એવી ધારણા તો રખાય છે. ભારત સાથે કોઈ મોટો વ્યાપાર સોદો કરવાનું તમે તમારી મુલાકાત પૂર્વે વિચારો છો ખરા? એવા સવાલના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે, 'અમે ભારત

● અનુસંધાન પાન-૭ પર

# મહારાષ્ટ્રમાં દેશદ્રોહના મુદ્દે ઉદ્ધવ ઠાકરે-શરદ પવાર આમને-સામને

**દેશદ્રોહ અને સામાન્ય હિંસાની વચ્ચે એક લાઇન ખેંચવાનો ઉદ્ધવનો પ્રયત્ન**

**રાજ્ય સરકાર એલ્ગાર પરિષદ કેસની સમાંતર તપાસ કરાવે : પવાર**

મુંબઈ,તા.૧૯

મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડી સરકારનાં બે મોટા દળ શિવસેના-એનસીપીની વચ્ચે



વિવાદ વધતો જઈ રહ્યો છે. આ વિવાદ એલ્ગાર પરિષદ અને ભીમા-કોરેગાંવની હિંસાની તપાસને લઈને છે. એક તરફ શિવસેના પ્રમુખ અને મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ એલ્ગાર પરિષદની તપાસ એનઆઈએને સોંપવાની મંજૂરી આપીને દેશદ્રોહ અને સામાન્ય હિંસાનાં મુદ્દે એક લાઇન ખેંચી છે, તો બીજી તરફ શરદ પવાર એ વાત પર અડગ છે કે આની તપાસ એસઆઈટીથી પણ સમાનાંતર રીતથી કરાવવામાં આવે.

એનસીપી અધ્યક્ષ શરદ પવારે એલ્ગાર પરિષદની તપાસ એનઆઈએથી કરાવવાનાં ઉદ્ધવનાં નિર્ણયની ટીકા કરી હતી. એનસીપીનાં મોટાભાગનાં નેતા પાર્ટી પ્રમુખ શરદ પવાર દ્વારા કરવામાં આવી રહેલી એસઆઈટી તપાસની માંગથી સહમત છે અને એ વાત પર નારાજ છે કે મુખ્યમંત્રીએ એનઆઈએ તપાસને મંજૂરી કેમ આપી. જો કે શરદ પવારે એનઆઈએ એક્ટની કલમ ૧૦નું કારણ ધરતા એ માંગ કરી કે એનઆઈએ તપાસ ઉપરાંત રાજ્ય સરકાર એલ્ગાર પરિષદ કેસની સમાંતર તપાસ કરાવે.

ઉલ્લેખનીય છે કે એલ્ગાર પરિષદની તપાસ એનઆઈએને સોંપવા અને ભીમા-કોરેગાંવ હિંસાની તપાસ એસઆઈટીથી કરાવવાનાં ઉદ્ધવનાં નિર્ણયની પાછળ એક ઊંડી રણનીતિ સ્પષ્ટ રીતે જોવા મળે છે. ઉદ્ધવ દેશદ્રોહ અને સામાન્ય હિંસાની વચ્ચે એક લાઈન ખેંચવાનો પ્રયત્ન કરી રહ્યા છે અને એ સંદેશ આપવા ઈચ્છે છે કે તેમની પાર્ટી દેશદ્રોહનાં મામલે નહીં ઝુકે. ઉદ્ધવે એલ્ગાર પરિષદ અને ભીમા-કોરેગાંવને અલગ અલગ મુદ્દો ગણાવતા સ્પષ્ટ કર્યું છે કે એલ્ગાર પરિષદનો કેસ દેશદ્રોહનાં ષડયંત્રથી સંબંધિત છે, આ કારણે સરકારને આને એનઆઈએને સોંપવામાં વાંધો નથી.

# બચત દર ઘટીને ૧૫ વર્ષના તળિયે નબળી અર્થવ્યવસ્થા જવાબદાર

**દેશની બચતમાં ભારતીય પરિવારોનું ૬૦ ટકા યોગદાન**

ન્યુ દિલ્હી,તા.૧૯

ભારતની નબળી અર્થવ્યવસ્થાને કારણે બચત દરને ઘટીને ૧૫ વર્ષનાં તળિયે પહોંચી છે તેમજ સ્થાનિક બચતમાં પણ ઘટાડો નોંધાયો છે. જેથી અગાઉથી જ ઓછા રોકાણ અને મૂડીગત જરૂરિયાતો માટે ઉધાર લેવાને કારણે ભારતની આર્થિક વધુ નબળી થઈ છે. ગ્રાહકો દ્વારા ટકાઉ સામગ્રી ખરીદવા અને પ્રવાસ કરવામાં વધારે ખર્ચ કર્યો હોવાથી ઘરેલુ બચતમાં પણ ઘટાડો નોંધાયો છે. દેશની બચતમાં ભારતીય પરિવારોનું ૬૦ ટકા યોગદાન છે. જોકે બ્રાઝીલ જેવા બર્ત બજારના સાથીઓની સરખામણીએ ભારતમાં અનુકૂળતા વધુ છે.

આ અંગે એચએસબીસીનાં મુખ્ય અર્થશાસ્ત્રી પ્રાંજલ ભંડારીએ કહ્યું હતું કે જો દેશ ઉચ્ચ ટકાઉ વિકાસ ઈચ્છતો હોય તો તેને રોકાણદર વધારવો જોઈએ. વધુમાં તેઓએ કહ્યું હતું કે રોકાણ માટે ફંડિંગની જરૂર છે. જો સ્થાનિક બચતમાં ઘટાડો થઈ રહ્યો હોય તો સરકાર વિદેશી બચતમાં યોગ્ય છે.

સેન્ટ્રલ સ્ટેટિકલ ઓર્ગનાઈઝેશનના આંકડાઓ અનુસાર વર્ષ ૨૦૧૯માં ભારતની કુલ બચત ૩૪.૬ ટકાથી ઘટીને ૩૦.૧ ટકા થઈ ગઈ છે. આ ઉપરાંત જીડીપીના એક ટકાના રૂઓએ ૨૦૧૨માં ભારતની સ્થાનિક બચત ૨૩ ટકાથી ઘટીને ગત વર્ષે ૧૮ ટકા થઈ ગઈ હતી.




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225